## –:: રે.દી.મુ. નં.૧૪૭/૧૭ ના કામે આંક–૦૫ લગત હુકમ ::–

**(૧)** આ કામના વાદીએ સદરહું અરજી સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧ ,૨ મુજબ તથા કલમ–૧૫૧ મુજબ દાવા દરમ્યાન કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે. સદરહું અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીની સ્વતંત્ર માલીકી તથા કબજો ભોગવટાની ખેતીની જમીનો મોજે–પડવાણીયા, તા.ઝઘડિયા, જી.ભરૂચ મધ્યે આવેલ ખાતા નં.૨૮૮,બ્લોક/સર્વે નં.૩૩૫–અ, ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.)–૬–૫૮–૦૦, આકાર(રૂા.પૈસા)–૩૪.૨૬ તથા બ્લોક/સર્વે નં.૩૩૫–બ,ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.)–૦–૫૧ –૦૦, આકાર(રૂા.પૈસા)–૨.૬૬ કુલ મળી ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી) તથા કુલ આકાર(રૂા.પૈસા)–૩૬.૯૨ ની આવેલી છે. સદર દાવાવાળી મિલકત/જમીન તેમજ અન્ય બ્લોક/સર્વે નં.૩૧૦ વાળી જમીનના રેવન્યુ દફતરે વાદી તથા તેમના ભાઈ મુકેશભાઈ અંબાલાલ પટેલનુ નામ તા.૨૫/૦૭/૨૦૧૫ ના રોજ ફેરફાર નોંધ નં.૧૨૭૭ થી (સહભાગીદારીમાં હકક દાખલ) દાખલ કરવામાં આવેલુ. ત્યારબાદ તેઓ બંને ભાઈઓ વચ્ચે જમીનોની વહેંચણી કરવામાં આવતા વાદીના હિસ્સે ઉપરોકત દાવાવાળી જમીનો આવેલી જયારે બ્લોક/સર્વે નં.૩૧૦ વાળી જમીન તેમના ભાઈ મુકેશભાઈ અંબાલાલ પટેલના હીસ્સે ગયેલ અને તે અંગેની ફેરફાર નોંધ નં.૧૨૭૯ થી તા.૨૩/૦૯/૨૦૦૫ ના રોજ દાખલ થયેલી, જે નોંધ તા.૧૪/૧૧/૨૦૦૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારથી વાદી ઉપરોકત દાવાવાળી મિલકતના એકમાત્ર સ્વતંત્ર માલીક અને કબજેદાર છે અને વાદી સદર દાવાવાળી જમીનમાં ખેતીના પાકો લે છે. પ્રતિવાદી નં.૨ સરદાર પટેલ સરોવર પુનઃવસવાટ એજન્સી, પ્રતિવાદી નં.૧ સરકારશ્રીના તાબા હેઠળ કાર્ય કરે છે અને સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તો પુનઃવસવાટ માટે, જમીનો સંપાદિત કરે છે. તે મુજબ પ્રતિવાદીઓએ મોજે ગામ.પડવાણીયા, તા.ઝઘડિયા,જી.ભરૂચ મધ્યે આવેલી બ્લોક/સર્વે નં.૨૬, ૨૮, ૩૦૧, ૩૦૨–૧, ૩૦૨–૨, ૩૦૩, ૩૦૬–૧, ૩૦૬–૨, ૩૦૭–૧, ૩૦૭–૨, ૩૦૯, ૩૨૪–૨, ૩૨૬, ૩૩૪–૧, ૩૩૫–૧, ૩૩૫–૨, ૩૩૬, ૩૪૭, ૩૬૦ ની જમીનો પુનઃવસવાટ માટે સંપાદિત કરેલ છે. આમ, પ્રતિવાદીઓએ સંપાદીત કરેલી ઉપરોકત જમીનોની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નં.૧૧૮૦ થી નોંધવામાં આવી છે અને આ સંપાદીત કરેલી જમીનોમાં વાદીની દાવાવાળી જમીનોનો સમાવેશ થતો નથી. ટુંકમાં વાદીની માલીકીની ઉપરોકત દાવાવાળી જમીનો પ્રતિવાદીઓએ સંપાદીત કરી નથી તે હકીકત સ્પષ્ટ થાય છે. સદર સ્પષ્ટ હકીકતો હોવા છતાં પ્રતિવાદી નં.૨ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના

અધિકારીઓ, વાદીની દાવાવાળી જમીનોનો કબજો મેળવવાના પ્રયત્નો કરે છે. વાદીએ પ્રતિવાદી નં.ર ના અધિકારીઓ પાસે વાદીની જમીનો સંપાદીત થઈ હોય તો તેના દસ્તાવેજી પુરાવાઓની માંગણી કરતા તેઓ વાદીને આપતા નથી અને સંપાદન અંગે કોઈ જ હકીકતો સ્પષ્ટ કરતા નથી. વાદીએ સદર દાવાવાળી જમીનોમાં ચાલુ વર્ષે શેરડીનું વાવેતર કરેલ અને તેનુ જમીન મહેસુલ પણ વાદી નિયમીત રીતે ભરતા આવેલા છે અને ખેતીના વ્યવસાય ઉપર જ વાદીના પરીવારનો જીવન–નિર્વાહ થાય છે. દાવાવાળી જમીનો સંપાદિત કરવા માટે પ્રતિવાદીઓએ વાદીને કયારેય કોઈ નોટીસ આપી નથી કે કોઈ એવોર્ડ જાહેર કરેલ નથી તથા વળતરની પણ કોઈ રકમ ચુકવી નથી. સંપાદન વાળી જમીનો પૈકી બ્લોક નં.૩૩૫–૧ અને ૩૩૫–ર વાળી જમીનોનું ક્ષેત્રફળ તથા આકાર, દાવાવાળી જમીનો કરતા અલગ–અલગ પડે છે તે હકીકતો દસ્તાવેજો જોતાં જ સ્પષ્ટ થાય છે તેમ છતાં પ્રતિવાદીઓ કોઈક અગમ્ય કારણસર અગરતો કોઈ ગેરસમજના કારણે વાદીની દાવાવાળી જમીનો કે જે કયારેય સંપાદીત કરવામાં આવી નથી તેનો કબજો યેનકેન પ્રકારે બળજબરી પૂર્વક મેળવી લોન માંગે છે. પ્રતિવાદીઓને આ પ્રકારે આ પ્રકારે વાદીની દાવાવાળી જમીનોનો કબજો લેવા માટે કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર નથી. તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીના અધિકારીઓ સદર દાવાવાળી જમીનોનો કબજો બળજબરી પૂર્વક લેવા માટે સ્થળ ઉપર આવેલા અને વાદીને કબજો સોંપી દેવા માટે દબાણ કરે છે પરંતુ તે અંગેના કોઈ પુરાવા આપતા નથી. વાદીના પરીવારના જીવન–નિર્વાહનો આધાર અને આજીવિકાએ એકમાત્ર ઉપરોકત દબાણવાળી જમીનો ઉપર જ છે. દાવાવાળી જમીનોમાં વાદીનો શેરડીનો ઉભો પાક છે. અગર જો પ્રતિવાદીઓ આ દાવાવાળી જમીનનો કબજો બળજબરી પૂર્વક લઈ લે તો વાદીની આજીવીકા છીનવાઈ જાય તેમ છે અને વાદીના પરીવારે ભુખે મરવાનો વારો આવે તેમ છે, જેથી સદર દાવો તાકીદે દાવાવાળી જમીન ઉપરના વાદીના કબજાના રક્ષણ માટે તથા પ્રતિવાદીઓને દાવાવાળી જમીનો સાથે કાઈ લાગતુ–વળગતુ નથી તેવુ જાહેર કરવા માટે તથા પ્રતિવાદીઓ વાદીના કબજામાં દખલગીરી કરે–કરાવે નહી તેવો કાયમી/ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ છે. દાવા દરમ્યાન પ્રતિવાદીઓ સરકારશ્રી તથા એજન્સીના અધિકારીઓ, નોકર, ચાકર, એજન્ટ વિગેરેનાંઓ વાદીની દાવાવાળી મિલકતના કબજા–ભોગવટામાં દખલગીરી કરે–કરાવે નહી કે વાદીને પ્રવેશ કરતા, ખેતીકામ કરતા અટકાવે નહી કે જમીનનો કબજો ઝુંટવી લે–લેવડાવે નહી તેમજ શેરડીના ઉભા પાકને નુકશાન

કરે–કરાવે નહી તેવો દાવા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે સદર અરજી ગુજારેલ છે. દાવાવાળી જમીનો વાદીની એકમાત્ર સ્વતંત્ર માલીકી કબજા–ભોગવટાની આવેલી છે અને વાદીનુ ટાઈટલ છે. પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનો કયારેય સંપાદિત કરી નથી કે તે અંગે વાદીને કોઈ નોટીસ આપી નથી કે વળતર ચુકવ્યુ નથી કે સંપાદિત જમીનના કોઈ દસ્તાવેજો પુરા પાડતા નથી. તે જોતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. સદર દાવાવાળી જમીનમાં વાદીએ શેરડીનો પાક ઉગાડેલ છે જો પ્રતિવાદીઓ જમીનનો કબજો બળજબરી પૂર્વક ઝુંટવી લેતો વાદીને ઘણું મોટુ આર્થિક નુકસાન જાય તેમ છે. જેનો બદલો નાણાંથી પણ મળી શકે તેમ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે. આમ, પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈ હુકમ આપવામાં આવશે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી, બલ્કે ન્યાયનો હેતુ જળવાઈ તેમ છે અને અરજીના પેરા નં.૧૦ મુજબની દાદ માંગેલ છે.

(૨) મનાઈ અરજી સંદર્ભે આ કામના પ્રતિવાદીઓ ને કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે નોટીસ તેઓને બજી જતાં, પ્રતિવાદી નં. તર્ફે આંક–૧૯ થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીના દાવાને ડીલે, લેચીસ, સમય–મર્યાદાનો બાધ નડે છે. વાદીનો દાવો શુધ્ધ–બુધ્ધિ પૂર્વકનો નથી. પ્રતિવાદી નં.૨ સરદાર સરોવર પુર્નરવસવાટ એજન્સી, વડોદરાએ અસરગ્રસ્તોના પુર્નવસન માટે સંમતી એવોર્ડ નં.૬૪/૨૦૦૦ થી જમીન સંપાદન કરવામાં આવેલી. સંપાદિત જમીનની માપણી ડી.આઈ.એલ.આર.,ભરૂચ ધ્વારા સને–૨૦૧૬–૧૭ માં કરવામાં આવેલ છે. જેનો સર્વે નં.૩૩૫–અ, ૦–૫૬–૦૦ તથા સર્વે નં.૩૩૫–બ, ૫–૨૩–૦૦ વાળી જમીન વાદી નવીનભાઈ અંબાલાલના કબજામાં હોવાનું જણાઈ આવતા કબજો છોડવા જણાવવાનું કહેતા તેમ ન કરી સદર ખોટો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. રેવન્યુ રેકર્ડ ખાતા નં.૨૩૧ ના ગામ નમુના નં.૮–અ ની જે વિગતો દર્શાવેલ છે તેમાં સંપાદિત જમીનોના સર્વે નંબરની થયેલ ભુલ અંગેની હકીકતો વાદીએ સાબિત કરવી જોઈએ. પ્રતિવાદી નં.૨ ને ખરી હકીકતે વર્ષ–૧૯૮૩–૮૪ ના હસ્ત લીખીત રેવન્યુ રેકર્ડમાં, ૭×૧૨ માં સર્વે નં.૩૩૫/૧, ૭–૨૯–૦૦ શ્રી નીરંજન ચંદુ, મનુ ચંદુ વિગેરેના નામો ચાલે છે. તે જમીનમાંથી કરજણ જળાશય યોજનાની કેનાલમાં ૧–૪૭–૦૦ જમીન સંપાદન થવાથી સર્વે નં.૩૩૫–અ, ૦–૫૬–૦૦ તેમજ સર્વે નં.૩૩૫–બ, ૫–૨૩–૦૦ માપના થયેલ છે. જેની નોંધ નં.૯૨૨ ગામ દફતરે પડેલ છે. આમ, રી–સર્વે થતા ઉપર જણાવેલ જમીનોના સર્વે નંબર પડેલ છે. તેમજ

સદર જમીન સરદાર સરોવર પુર્નવસવાટ એજન્સી, વડોદરા ધ્વારા સંમતીથી સંપાદન થતા નોંધ નં.૧૧૮૧ પડેલ છે. વાદીના નામે ચાલતી જમીનનું રેકર્ડ તપાસતા સને–૧૯૮૩–૮૪ માં ૭×૧૨ માં સર્વે નં.૩૩૫/૨ સરકારશ્રીના નામે ચાલતી હતી ત્યારબાદ તે જમીન કરજણ યોજનામાં સંપાદન થતા ૩૩૫/૨, ૦૦–૫૧–૦૦ અને ૩૩૫/૨, ૬–૫૮–૦૦ થયેલી હતી. પરંતુ મુળ જમીન માલીકો જગદીશ અંબાલાલ અને જગજીવન અંબાલાલે નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સીવીલ અપીલ નં.૭૦૫/૧૯૬૯ થી દાખલ કરતા તેમાં તા.૨૨/૦૯/૧૯૭૦ ના રોજ થયેલ હુકમ મુજબ સીલીંગની વધારાની જમીન સરકારશ્રીના નામે દાખલ થયેલ તમામ નોંધ રદ કરી કબજેદારશ્રીઓના નામે કરવા હુકમ કરેલ હતો અને તે આધારે નોંધ નં.૭૦૪ અને ૮૫૨ થી શ્રી જગજીવન અંબાલાલના નામે થયેલ છે. ત્યારબાદ આ જમીનમાં નવીન અંબાલાલનું નામ સહભાગીદાર તરીકે નોંધ નં.૧૨૭૭ થી દાખલ થયેલ છે. ઉપરોકત જમીન અંગેનુ પાણીપત્રકનું રેકર્ડ તપાસતા સને–૧૯૮૩ થી પડતર અને ઘાસ બતાવેલ છે. પ્રતિવાદી નં.૨ ધ્વારા સંપાદીત જમીનની પાણીપત્રકમાં સને–૧૯૮૩ થી કપાસ, તુવેર વિગેરે પાક દર્શાવેલ છે. વિલેજ મેપ જોતા કેનાલની ઉપર સર્વે નં.૩૩૫–અ ની ૦૦–૫૬–૦૦ જમીન આવેલાનું દર્શાવેલ છે જેથી સર્વે નં.૩૩૫–બ વાળી જમીન તેની સામે હોય તે સત્ય હકીકત છે. આમ, નકશામાં દર્શાવેલ સર્વે નં.૩૩૫–અ ની સામે આવેલ જમીન પૈકી ૫–૨૩–૦૦ જમીન ઉપર વાદીએ અનઅધિકૃત કબજો કરેલ છે. જેથી સંપાદિત થયેલ જમીનો પૈકીની પ્રતિવાદીની જમીનનો ગેરકાયદેસર વાદીએ કબજો કરેલ હોય મનાઈ અંગેની ઈકવીટેબલ દાદ મળી શકે નહી. આથી મનાઈ અરજી રદ કરવા માંગણી કરેલ છે.

**(૨.૧)** વાદી પક્ષે આંક–૨૭ થી સદરહું જવાબ વિરૂધ્ધ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીના જવાબની હકીકતો ઈન્કાર કરેલ છે.

**(૩)** વાદીએ દાવા સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી તેની ઉપર આધાર રાખેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવા | નીશાની |
|---|---|---|
| ૧ | પડવાણીયા, તા.ઝઘડિયાના ખાતા નં.૨૮૮ થી આવેલી | નિ.૩/૧ |

| | | |
|---|---|---|
| | બ્લોક/સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ વાળી જમીનોની ખાતાવહી નમુનો નં.૮–અ | |
| ૨ | સર્વે નં.૩૩૫–અ નમુના નં.૭ | નિ.૩/૨ |
| ૩ | સર્વે નં.૩૩૫–અ નમુના નં.૧૨ | નિ.૩/૩ |
| ૪ | ફેરફાર એન્ટ્રી નં.૧૨૭૭, તા.૨૫/૦૭/૦૫ | નિ.૩/૪ |
| ૫ | ફેરફાર એન્ટ્રી નં.૧૨૭૯, તા.૨૩/૦૯/૦૫ | નિ.૩/૫ |
| ૬ | દાવાવાળી જમીનોનો ત.ક.મંત્રી તથા પંચો રૂબરૂનો પંચ કયાસ, તા.૨૭/૦૩/૧૭ | નિ.૩/૬ |
| ૭ | પડવાણીયા ગ્રૃપ પંચાયતનો દાખલો, તા.૨૮/૦૬/૧૭ | નિ.૩/૭ |
| ૮ | પડવાણીયા, તા.ઝઘડિયાના ખાતા નં.૨૩૧ થી પ્ર તિવાદીઓએ સંપાદિત કરેલ જમીનોની ગામ નમુના નં.૮–અ(જમીનની ખાતાવહી) | નિ.૩/૮ |
| ૯ | પડવાણીયા સર્વે નં.૩૩૫ પૈકી ના વર્ષ ૧૯૯૮ થી ૨૦૦૫ ના ૭×૧૨ ના ઉતારાની ઝેરોક્ષ | નિ.૨૮/૧ |
| ૧૦ | મોજે.પડવાણીયાના ખાતા નં.૧૩૪ ના ૮–અ ના ઉતારાની અસલ, તા.૨૬/૩/૧૯ | નિ.૨૮/૨ |
| ૧૧ | મોજે. પડવાણીયાના સર્વે નં.૩૫૫ પૈકીના ૭×૧૨ નો ઉતારો અસલ, તા.૨૬/૦૩/૧૯ | નિ.૨૮/૩ |
| ૧૨ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫ પૈકી અ ના વર્ષ–૧૯૮૩ થી ૧૯૮૭ ના ૭×૧૨ ના ઉતારાની ઝેરોક્ષ | નિ.૨૮/૪ |
| ૧૩ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫ પૈકી બ ના વર્ષ–૧૯૮૩ થી ૧૯૮૭ ના ૭×૧૨ ના ઉતારાની ઝેરોક્ષ | નિ.૨૮/૫ |
| ૧૪ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫ પૈકી અ ના વર્ષ–૧૯૮૩ થી ૧૯૮૭ ના ૭×૧૨ ના ઉતારાની ઝેરોક્ષ | નિ.૨૮/૬ |
| ૧૫ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫ પૈકી બ ના વર્ષ–૧૯૮૩ થી ૧૯૮૭ ના ૭×૧૨ ના ઉતારાની ઝેરોક્ષ | નિ.૨૮/૭ |
| ૧૬ | મોજે.પડવાણીયાના ખાતા નં.૫૯ ના ૮–અ ના ઉતારાની અસલ, તા.૨૬/૩/૧૯ | નિ.૨૮/૮ |
| ૧૭ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫–અ ના ૭×૧૨ ના ઉતારાની અસલ, તા.૨૬/૩/૧૯ | નિ.૨૮/૯ |
| ૧૮ | મોજે.પડવાણીયાના સર્વે નં.૩૩૫–બ ના ૭×૧૨ ના ઉતારાની અસલ, તા.૨૬/૩/૧૯ | નિ.૨૮/૧૦ |

**(૪)** પ્રતિવાદી નં.૨ નાંએ નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી તેની ઉપર આધાર રાખેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવા | નીશાની |
|---|---|---|
| ૧ | સંપાદિત જમીનના એવોર્ડની નકલ, તા.૦૧/૦૧/૨૦૦૧ | નિ.૨૧/૧ |
| ૨ | ગામ.પડવાણીયાનો નકશો | નિ.૨૧/૨ |

**(૫)** મનાઈ અરજી સંદર્ભે વાદીના વિ.વ.શ્રી જી.જે.ઠાકર તથા પ્રતિવાદીના વિ.વ.શ્રી કે.આર.પંડયા ની મૌખિક દલીલો સાંભળી. વાદીના વિ.વ.શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, વાદગ્રસ્ત જમીન પ્રતિવાદી ધ્વારા સંપાદન કરવામાં આવેલ નથી. જો સંપાદન કરેલ હોય તો તેમાં જમીનની વિગતો લખવામાં આવે. અગાઉ તમામ જમીનો એકત્ર કુટુંબની મિલકતો હતી. નિ.૨૮/૧ થી સર્વે નં.૩૩૫ ની ગામ નમુના નં.૭×૨ ની નકલ રજુ કરેલ છે. જેમાં જમીનનો માપ વિસ્તાર ૧૧–૭૮ લખેલ છે. સર્વે નં.૩૩૫–અ વાદી તથા નિરંજનભાઈ ચંદુભાઈના નામે છે જેમાં વાદીના ભાગે ૬–૫૮–૦૦ જયારે નિરંજનભાઈ ચંદુભાઈના નામે ૦૦–૫૬–૦૦ જમીનો આવેલ છે. સર્વે નં.૩૩૫–બ માં વાદીના નામે ૦૦–૫૧–૦૦ જયારે નિરંજનભાઈ ચંદુભાઈના નામે ૦૫–૨૬–૦૦ જમીન આવેલ છે. આમ, વાદીની જમીન સરદાર સરોવર યોજના હેઠળ સંપાદન થયેલ નથી. નિરંજનભાઈ તથા સોનાબેનના રેવન્યુ રેકર્ડમાં આ અંગેની નોંધ થયેલ છે. વાદીના નામે થયેલ નોંધ બાબતે પ્રતિવાદી નં.૨ નાંએ વાંધા લીધેલ નથી. પ્રતિવાદી નં.૨ નાંએ જવાબમાં જે સર્વે નંબર, માપ, સંપાદનની રકમની ચુકવણીની હકીકતો જણાવેલ છે તે વાદીની નથી પરંતુ અન્યની છે, પ્રતિવાદીઓને ગેરસમજ થયેલ છે. આથી વાદીની જમીન ગેરકાયદેસર રીતે સંપાદન થયેલ છે તેવુ જણાવે છે. વાદીનો પ્ર ાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. દાવાવાળી જમીન વાદી ખેતી કરે છે, કબજો ધરાવે છે આથી જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી બદલો ન મળે તેવુ ગંભીર નુકશાન થાય તેમ છે. આથી મનાઈ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. પ્ર તિવાદી નં.૨ ના વિ.વ.શ્રી કે.આર.પંડયાની રજુઆત છે કે, સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ સરદાર સરોવર પુર્નરવસવાટ એજન્સી, વડોદરા ધ્વારા વળતર કેસ નં.૬૪/૨૦૦૦ ના કામે સંપાદન કરવામાં આવેલ છે. સદરહું બંને જમીન વચ્ચેથી નહેર પસાર થાય છે. આ અંગેની

નોંધ નં.૮૧, તા.૧૧/૦૬/૧૯૮૧ થી હકકપત્રકમાં થયેલ છે. આમ, સને–૧૯૮૧ થી વાદગ્રસ્ત જમીનનો કબજો નિગમનો છે. જો વાદી કબજો ધરાવતા હોય તો તે ગેરકાયદેસર છે જે પુરાવાનો વિષય છ, વાદી ચોખ્ખા હાથે આવેલ નથી, મનાઈ અરજીનો નિર્ણય કરવા માટેના ત્રણેય પાંસાઓ પ્રતિવાદીની તરફેણમાં છે. આથી મનાઈ અરજી નામંજુર કરી કોસ્ટ પ્રતિવાદી નં.ર ને આપવા યોગ્ય હુકમ કરવા માંગણી કરેલ છે.

**(૬)** આ કામે આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલાં છે :–

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(ર) શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમા

(ર) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

## –:: <u>કા ર ણો</u> ::–

**(૮)** ઉપરોકત જણાવેલ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે કાયદાકીય તથા હકીકતોની દ્રષ્ટિએ સંકળાયેલ હોય ત્રણેય મુદ્દાઓની ચર્ચા અહીં એકસાથે કરવામાં આવેલી છે.

**(૮.૧)** આ કામના વાદીએ સદરહું દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે તા.૦૭/૦૯/ર૦૧૭ ના રોજ દાખલ કરેલ છે. વાદીએ મનાઈ અરજીના પેરા–૧ ૦(૧) માં દાદ માગેલ છે કે, પ્રતિવાદીઓએ જાતે કે તેમના નોકર–ચાકર, એજન્ટ, અધિકારીઓ દાવાવાળી જમીન ઉપરના વાદીના કાયદેસરના કબજા–ભોગવટામાં દખલગીરી કરે–કરાવે કે વાદીને પ્રવેશ કરતા કે ખેતીકમા કરતા અટકાવે નહી કે કાયદેસરની પ્રક્રિયા વિના વાદી પાસેથી દાવાવાળી જમીનનો કબજો ઝુંટવી લે–લેવડાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ

ફરમાવવો. વાદીએ સદરહું દાવાના પેરા–૨ માં દાવાવાળી જમીનનું વર્ણન કરેલ છે. જેમાં મોજે.ગામ પડવાણીયા, તા.ઝઘડિયા, જી.ભરૂચના ખાતા નં.૨૮૮, બ્લોક/સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ વાળી જમીનો દર્શાવેલ છે. નિ.૩/૧ થી સદરહું જમીનના ગામ નમુના નં.૮–અ ખાતા નં.૨૮૮ ની ખરી નકલ રજુ કરેલ છે. જે જોતાં તેમા કબજેદાર તરીકે નવીનભાઈ અંબાલાલ પટેલ એટલે કે વાદીનુ નામ તથા જમીનોમાં બ્લોક/સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ વાળી જમીનો દર્શાવેલ છે. નિ.૩/૨ તથા ૩/૩ થી સર્વે/બ્લોક નં.૩૩૫–અ ની ગામ નમુના નં.૭ ની તથા ૧૨ ની ખરી નકલો રજુ કરેલ છે. જેમાં કબજેદાર તરીકે વાદીનું નામ છે. નિ.૩/૪ થી નોંધ નં.૧૨૭૯ ની ખરી નકલ રજુ કરેલ છે. જેમાં જગજીવનભાઈ અંબાલાલના નામે ચાલતી જમીનમાં સહભાગીદાર તરીકે મુકેશભાઈ અંબાલાલ તથા વાદી નવીનભાઈ અંબાલાલનું નામ દાખલ કરવા અંગેની નોંધ કરી. આમ, વાદીનુ નામ નોંધ નં.૧૨૭૯, તા.૧૪/૧૧/૨૦૦૫ થી પ્ર માણીત થઈ ત્યારથી દાખલ થયેલ છે. નિ.૩/૬ થી દાવાવાળા સર્વે/બ્લોક નં.૩૩૫–અ તથા બ વાળી જમીનોના પંચકયાસની નકલ રજુ કરેલ છે. જેમાં વાદી સદરહું જમીનોના સ્વતંત્ર માલીક છે એવુ પંચકયાસ તલાટી કમ મંત્રી પડવાણીયા ગ્રૃપ ગ્રામ પંચાયત રૂબરૂ કરવામાં આવેલ છે. નિ.૩/૭ થી વાદી વાદગ્રસ્ત જમીનના ખાતેદાર છે અને તેઓનુ કોઈ મહેસુલ કે વેરો બાકી નથી તે મતલબનો દાખલો તલાટી કમ મંત્રી, પડવાણીયા ગ્રૃપ ગ્રામ પંચાયત ઘ્વારા આપવામાં આવેલ છે. નિ.૩/૮ થી મોજે.પડવાણીયાના ખાતા નં.૨૩૧ ની ખરી નકલ રજુ કરેલ છે જેમાં બ્લોક/સર્વે નં.૩૩૪–૧, ૩૩૫–૧, ૩૩૫–૧, ૩૩૫–૨ એમ ચાર સર્વે નંબરો સરકારી પડતર દર્શાવવામાં આવેલ છે. વાદીએ આંક–૨૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો જોતા નિ.૨૮/૧ થી સર્વે નં.૩૩૫ પૈકીની વર્ષ–૧૯૯૮ થી ૨૦૦૫ ના વર્ષ દરમ્યાનના ગામ નમુના નં.૭×૧૨ ની નકલ રજુ કરેલ છે. જેમાં સોનાબેન તથા ભાનુબેન છોટાલાલના નામો કમી કરી સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, વડોદરાનું નામ દાખલ કરવામાં આવેલ છે. નિ.૨૮/૨ થી મોજે.પડવાણીયાના ખાતા નં.૧૩૪ ની ખરી નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદાર તરીકે સોનાબેન છોટાલાલ તથા ભાનુબેન છોટાલાલના નામો ચાલે છે જેમા સર્વે નં.૩૩૫ પૈકી વાળી જમીનનુ ક્ષેત્રફળ ૧૧–૭૮–૦૦ તથા સર્વે નં.૩૩૬ વાળી જમીનનું ક્ષેત્રફળ ૪–૫૯–૦૦ દર્શાવેલ છે. નિ.૨૮/૩ જોતાં સર્વે નં.૩૩૫ પૈકી વાળી જમીનની ૭×૧૨ ની ખરી નકલ છે. જેમાં સોનાબેન તથા ભાનુબેનનું નામ ચાલે છે. તેમજ બીજા હકકમાં નોંધ નં.૧૦૪૬ થી સરદાર સરોવર પુનરવસવાટ નિગમના નામની એન્ટ્રી થયેલ છે. નિ.૨૮/૪ જોતાં સર્વે નં.૩૩૫ પૈકી અ

વાળી જમીનના ગામ નમુના નં.૭×૧૨ ની નકલ છે. જેમાં કબજેદાર તરીકે જગજીવન અંબાલાલનું નામ ચાલે છે. જેનુ ક્ષેત્રફળ ૬–૫૮–૦૦ છે. નિ.૨૮/૫ જોતાં સર્વે નં.૩૩૫ પૈકી બ વાળી જમીનના ગામ નમુના નં.૭×૧૨ ની નકલ છે. જેમાં કબજેદાર તરીકે જગજીવન અંબાલાલનું નામ ચાલે છે. જેનુ ક્ષેત્રફળ ૦–૫૧–૦૦ છે. નિ.૨૮/૬ થી સર્વે નં.૩૩૫–અ ની ૭×૧૨ ની નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદાર તરીકે નિરંજનભાઈ ચંદુભાઈ વિગેરેના નામો ચાલે છે. નિ.૨૮/૭ થી સર્વે નં.૩૩૫–બ ની ૭×૧૨ ની નકલ કરેલ છે. જે જોતા તેમાં કબજેદાર તરીકે નિરંજનભાઈ ચંદુભાઈ વિગેરેના નામો ચાલે છે. નિ.૨૮/૮ થી વાદીએ મોજે.પડવાણીયાના ખાતા નં.૫૯ ની ખરી નકલ રજુ કરેલ છે. જે જોતાં કબજેદાર તરીકે નિરંજનભાઈ ચંદુલાલ વિગેરેના નામો નોંધ નં.૧૦૪૬ થી દાખલ થયેલ છે તથા સદરહું ખાતાના તકરારી સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ નો સમાવેશ થાય છે. નિ.૨૮/૯ તથા નિ.૨૮/૧૦ થી સર્વે નં.૩૩૫–અ તથા ૩૩૫–બ ની ગામ નમુના નંબર ૭×૧૨ ની ખરી નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદાર તરીકે નિરંજનભાઈ ચંદુભાઈ વિગેરેના નામો ચાલે છે. વાદીએ સદરહું દાવાના કામે મોજે.પડવાણીયાના ગામ નમુના નં.૬ હકકપત્રકની એન્ટ્રી નં.૧૨૭૭ તથા ૧૨૭૯ ની નકલો રજુ કરેલ છે. જે અનુક્રમે સહ–ભાગીદાર તરીકે હકક દાખલ કરવા માટેની તથા વહેંચણી અંગેની છે. આ સિવાય વાદીએ પોતાના દસ્તાવેજી પુરાવામાં અન્ય કોઈ હકકપત્રકની એન્ટ્રીઓ રજુ કરેલ નથી. વાદીએ દાવા તથા મનાઈ અરજીમાં ફેરફાર નોંધ નં.૧૧૮૦ વિશે ઉલ્લેખ કરેલ છે જેની નકલ રજુ કરેલ નથી. આ સિવાય તકરારી જમીન સંદર્ભે તથા દાવા તથા મનાઈ અરજીના પેરા–૪ માં જણાવેલ બ્લોક/સર્વે નંબરની જમીનો સંદર્ભેની ગામ નમુના નં.૬ હકકપત્રકની નકલ રજુ કરેલ નથી. વાદીએ મનાઈ અરજીના પેરા–૪ માં સંપાદન વિશેની હકીકતો જણાવેલ છે. પરંતુ તે અંગેના એવોર્ડની નકલ વાદીએ રજુ કરેલ નથી. સદરહું નકલ પ્ર ીતવાદી નં.૨ ધ્વારા નિ.૨૧/૧ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં સર્વે/બ્લોક નં.૩૩૫–અ તથા ૩૩૫–બ નિરંજનભાઈ ચંદુભાઈ પટેલનાંઓની હોવાનું પરીશીષ્ટ–સી માં દર્શાવેલ છે. તેમજ સદરહું જમીનના વળતરની રકમ પણ તેઓએ મેળવેલ છે. સદરહું એવોર્ડ તા.૦૧/૦૧ /૨૦૦૧ ના રોજનો છે, જયારે નિ.૩/૪ થી રજુ નોંધ નં.૧૨૭૭ સહ–ભાગીદાર તરીકે નામ દાખલ કરવા અંગેની તા.૨૬/૦૮/૨૦૦૫ ના રોજ પ્રમાણિત થયેલ છે તથા નિ.૩/૫ થી રજુ નોંધ નં.૧૨૭૯ વહેંચણ અંગેની તા.૧૪/૧૧/૨૦૦૫ નાં રોજ પ્રમાણિત કરેલ છે. જે સમયે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, તે સમયે તકરારી જમીનના રેવન્યુ રેકર્ડમાં વાદીનું નામ કબજેદાર

તરીકે ચાલતુ હોવાનું જણાતુ નથી. આમ, એવોર્ડ જાહેર થયા બાદ સદરહું તકરારી સર્વે નંબરમાં નામ દાખલ કરવાની તથા વહેંચણની પ્રક્રિયા કરવામાં આવેલ હોય તેવુ પ્રાયમાફેસી જણાય છે. સબબ વાદીનો પ્રાયમાફેસી કેસ હોવાનું જણાતુ નથી. વાદીએ દાવો દાખલ કરતા અગાઉ સી.પી.સી.ની કલમ ૮૦(૨) મુજબની સ્ટેચ્યુટરી નોટીસ પ્રતિવાદીઓને પાઠવેલ નથી. મનાઈ અરજીમાં વાદીએ શેરડીનો પાક ઉભો હોવાની હકીકત તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજ જણાવેલ છે. ત્યારબાદ ઘણો સમય વિતી ગયેલ છે. આથી વાદીનો નાણાંથી બદલો ન મળી શકે તેવુ ગંભીર નુકશાન થાય તેમ હોવાની હકીકત તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં હોવાનુ જણાતુ નથી. સબબ મુદ્દા **નં.૧ થી ૩ નો જવાબ નકારમાં** આપી **મુદ્દા નં.૪** પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

**–:: હુ ક મ ::–**

– વાદીની આંક–૦૫ ની દરમ્યાન મનાઈ અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજ **તારીખ : ૨૧ મી, માહેઃ ઓગસ્ટ સનેઃ ૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૨૧/૦૮/૨૦૧૯**
**સ્થળઃઝઘડિયા.**

**(ધર્મેન્દ્ર બળવંતરાય જોષી)**
**પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ,**
**ઝઘડિયા.**
**(કોડ નં.જી.જે.૦૦૭૨૫)**

સ્ટેનોઃવી.વી.કુવાડિયા.